सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૩–૦૩–૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૨૩–૦૩–૨૦૨૬ | | |
| ફેસલ થયા તારીખ | ૦૮–૦૪–૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | મહિનો | દિવસ |
| | ૦ | ૦ | ૧૬ |

**સતલાસણાના જ્યુડી. મેજી. ફ.ક. સાહેબશ્રી ની કોર્ટ, મુ. સતલાસણા, જી. મહેસાણા**

**ક્રિમીનલ કેસ નં. ૯૯/૨૦૨૬**
**આંક : ૭**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી** : ઠાકોર ચેહરાજી પ્રતાપજી કડવાજી
રહે. કેસરપુરા, મુ. તા. સતલાસણા, જી. મહેસાણા

ગુનો : **ગુજરાત નશાબંધી અધિનયમ–૧૯૪૯ ની કલમ ૬૫ (એ એ) મુજબ**

| |
|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી |
| બચાવ પક્ષ તરફે વિ.વકીલ શ્રી એન. એચ. પટેલ |

**||| ઠ રા વ |||**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતા, આરોપી હાજર થતા તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની પ્લી વાંચી, સંભળાવી, સમજાવતા, આરોપીએ તેની સામેના આક્ષેપિત ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી સ્વેચ્છાએ ગુનો કબુલ રાખેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી જણાવે છે કે, આરોપી ગરીબ વર્ગના તેમજ એક જ કમાનાર વ્યકિત છે. આરોપીએ ફરીવાર ગુનો નહી કરવાની ખાત્રી આપી દયાની માગણી કરી યોગ્ય દંડ કરવા રજુઆત કરેલ છે. સદર કેસની હકીકત તેમજ ગુનાની ગંભીરતા તથા કબુલાત ધ્યાને  લેતા આરોપીને લાંબા સમયની કેદની સજા કરવાના બદલે હળવી સજા કરવી ન્યાયિક અને ઉચિત જણાય આવે છે. આમ, આરોપીને સદરહું ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૬૪ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/-(અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન-૦૩ (ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ ૦૮ મી, માહે એપ્રીલ સને ૨૦૨૬** ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તથા કોર્ટનો  સીકકો કરીને જાહેર કરવામાં આવે છે.

સ્થળ : સતલાસણા
તા. ૦૮-૦૪-૨૦૨૬

**(જૈમિન ધીરૂભાઈ પટેલ)**
યુનિક જજ કોડ નં. જીજે૦૧૬૧૩
જયુડી.મેજી. ફ.ક.સતલાસણા